# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-06-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Tuesday** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

*****************************************

✓ ઓડિશામાં ભાજપ ધારાસભ્ય દળ પોતાના નેતાની પસંદગી માટે આજે ભુવનેશ્વર ખાતે બેઠક યોજશે.

✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાર્યભાર સંભાળતા જ કિસાન સન્માન નિધિના 17મા હપ્તાને મંજુરી આપી

✓ કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બૉર્ડે વિદ્યાર્થીઓ અને વાલીઓને ભ્રામક માહિતીથી દૂર રહેવા અપીલ કરી

✓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે કહ્યું કે, સ્વસ્થ લોકતંત્ર માટે સત્તાપક્ષ અને વિપક્ષ બંને એક સરખા મહત્વના છે.

✓ ટી-20 વિશ્વકપમાં આજે રાત્રે ન્યૂ યૉર્ક ખાતે પાકિસ્તાન અને કેનેડા વચ્ચે મેચ રમાશે.

✓ *****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ODISHA BJP BETHAK

ઓડિશા ભારતીય જનતા પાર્ટી ધારાસભ્ય દળ પોતાના નેતાની પસંદગી માટે આજે ભુવનેશ્વર ખાતે બેઠક યોજશે. આ માટે કેન્દ્રિયમંત્રી રાજનાથસિંહ અને ભૂપેન્દ્ર યાદવને કેન્દ્રિય નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ઓડિશામાં ભાજપના નેતૃત્વવાળી નવી સરકાર આવતીકાલે સત્તા સંભાળશે. તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં, ભાજપે 147 સભ્યોની રાજ્ય વિધાનસભામાં 78 બેઠકો જીતીને સંપૂર્ણ બહુમતી મેળવી છે.

દરમિયાન, તેલુગુ દેસમ પાર્ટીના નેતા એન ચંદ્રબાબુ નાયડુ આવતીકાલે ક્રિશ્ના જિલ્લામાં ગન્નાવરમ ખાતે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કરશે.

# CABINET MEETING

કેન્દ્રીય મંત્રીમંડળે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગામડાં અને શહેરોમાં ત્રણ કરોડ ઘર બનાવવાનો નિર્ણય લીધો છે. તમામ ઘરમાં શૌચાલય, રાંધણગેસ, વીજળી અને પાણી જેવી પ્રાથમિક સુવિધા પૂરી પાડવામાં આવશે. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રીના નિવાસસ્થાને ગઈકાલે નવી રાષ્ટ્રીય લોકતાંત્રિક દળની સરકારનાં મંત્રીમંડળની પ્રથમ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ યોજના અંતર્ગત સરકારે છેલ્લાં 10 વર્ષમાં ચાર કરોડ 21 લાખ ઘરો બનાવ્યા હતા.

શ્રી મોદીએ ગઈકાલે સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકેનો વિધિવત્ રીતે કાર્યભાર સંભાળતા જ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિના 17મા હપ્તાને મંજૂરી આપતી પ્રથમ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા હતા. આનાથી આશરે નવ કરોડ 30 લાખ ખેડૂતોને લાભ થશે. શ્રી મોદીએ કહ્યું, નવી સરકારનો તેમનો પ્રથમ નિર્ણય ખેડૂત કલ્યાણ માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

દરમિયાન, પ્રધાનમંત્રી કાર્યાલયના અધિકારીઓ અને કર્મચારીગણને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું કે, તેમણે હંમેશા પ્રધાનમંત્રી કાર્યાલયને સેવાના કેન્દ્ર તરીકે અને લોકોના કાર્યાલયો તરીકે સ્થાપવાનો પ્રયત્ન કર્યો છે. શ્રી મોદીએ સરકારી કર્મચારીઓનાં પ્રદાનની પ્રશંસા કરી હતી..

# CABINET ALLOCATION

કેન્દ્રીય મંત્રીમંડળના વિભાગોની ફાળવણી કરવામાં આવી છે. અમિત શાહને ગૃહ અને સહકારિતા, રાજનાથ સિંહને સંરક્ષણ, નિર્મલા સીતારમણને નાણા મંત્રાલય, ડોક્ટર એસ જયશંકરને વિદેશ, અને નિતિન ગડકરીને માર્ગ પરિવહન મંત્રાલયના અગાઉનાં ખાતા યથાવત રાખવામાં આવ્યા છે. અશ્વિની વૈષ્ણવને રેલવે અને માહિતી અને પ્રસારણ મંત્રાલય ફાળવવામાં આવ્યું છે.

મનોહર લાલ ખટ્ટરને શહેરી વિકાસ મંત્રાલય, જીતનરામ માંઝીને MSME, શિવરાજ સિંહને કૃષિ અને વિકાસ મંત્રાલયની ફાળવણી કરવામાં આવી છે..

# CBSE CLARIFICATION

કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બૉર્ડે એક માર્ગદર્શિકા જાહેર કરીને વિદ્યાર્થીઓ અને વાલીઓને શૈક્ષણિક સત્ર 2024—25 માટે અભ્યાસક્રમ, અભ્યાસ સામગ્રી અને નમૂનાના પ્રશ્ન પત્રો અંગે મળેલી ખોટી માહિતીથી વાકેફ રહેવા અપીલ કરી છે.

કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બૉર્ડે વિદ્યાર્થીઓને ઑનલાઈન મંચ પર ફેલાવવામાં આવતી ભ્રામક માહિતીથી બચવાનો અનુરોધ કરતા કહ્યું કે, કેટલાક ઑનલાઈન પૉર્ટલ અને વેબસાઈટ પર જૂની લિન્ક શેર કરવામાં આવી રહી છે. તેમ જ એવા સમાચાર આપવામાં આવી રહ્યા છે જે સત્ય નથી. એમ પણ કહેવામાં આવી રહ્યું છે કે, અનધિકૃત સૂત્રો તરફથી આપવામાં આવેલી માહિતી ગેરમાર્ગે દોરનારી હોઈ શકે છે. તેમ જ શાળાઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ અને અન્ય હિતધારકો વચ્ચે બિનજરૂરી મૂંઝવણ ઊભી કરી શકે છે. બૉર્ડે વિદ્યાર્થીઓને માત્ર અધિકૃત અને અપડેટ માહિતી માટે C.B.S.E. વેબસાઈટની મુલાકાત લેવાની સલાહ આપી છે.\

# RSS PROG

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે કહ્યું કે, સ્વસ્થ લોકતંત્ર માટે સત્તા પક્ષ અને વિપક્ષ બંનેએ એક સરખા મહત્વના છે. રાજનીતિ સર્વસંમતિથી ચાલવી જોઈએ.

શ્રી ભાગવત ગઈકાલે નાગપુરના રેસિમબાગ ખાતે સંઘ શિક્ષા વર્ગઅને કાર્યકર્તા વિકાસ કાર્યક્રમના સમાપન સમારોહમાં સંબોધી રહ્યા હતા. ડૉ. મોહન ભાગવતે દેશમાં વિવિધતાના મહત્વ પર ભાર આપતા કહ્યું, વિવિધતામાં એકતા જ આપણી ઓળખ છે. આપણે એકબીજાની ધાર્મિક ભાવનાઓનું સન્માન કરવું જોઈએ.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# ADITYAL-1

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા – ઇસરોએ મે મહિનામાં મોટા ભૂ-ચુંબકીય વાવાઝોડા દરમિયાન આદિત્ય એલ—વન ઉપગ્રહ દ્વારા લેવામાં આવેલી સૂર્યની અદભૂત તસવીર જાહેર કરી છે. 2 રિમોટ સેન્સિંગ પેલોડ્સ, સોલાર અલ્ટ્રાવાયોલેટ ઇમેજિંગ ટેલિસ્કોપ અને વિઝિબલ એમિશનલાઇન કોરોનાગ્રાફે અન્ય પેલોડ સાથે અંતરિક્ષમાં લેન્ગ્રેજ બિન્દુથી આ ફોટો ખેંચ્યા છે.

ઇસરોએ કહ્યું કે, આ તસવીર ખગોળશાસ્ત્રીઓને સૌરજ્વાળાઓ, તેમના ઊર્જા વિતરણ, સનસ્પોટ, વ્યાપક તરંગ અને લાંબાગાળાની સૌર વિવિધતાનો અભ્યાસ કરવામાં મદદ કરશે. આ તસવીરો ઇસરોની સત્તાવાર વેબસાઈટ પર જોઈ શકાય છે.

# BRICS NEW MEMBER

ભારતે રશિયાના યજમાનીમાં યોજાયેલી બ્રિક્સ બેઠકમાં પ્રથમ વખત ભાગ લઈ રહેલા નવા સભ્ય દેશો જેવા કે, ઇજિપ્ત, ઇરાન, સંયુક્ત આરબ અમીરાત, સાઉદી અરેબિયા અને ઈથિયોપિયાના પ્રતિનિધિઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું છે.

વર્ષ 2023માં બ્રિક્સના વિસ્તરણ બાદ ગઈકાલે નિઝની નોવગોરદમાં સંગઠનના વિદેશમંત્રીઓની પહેલી મંત્રીસ્તરીય બેઠક હતી. ઈજિપ્ત, ઈથિયોપિયા, ઇરાન, સઉદી અરબ અને સંયુક્ત અરબ અમીરાત સંપૂર્ણ સભ્યોતરીકે બ્રિક્સ સમૂહમાં સામેલ થયા છે. વિદેશ મંત્રાલયમાં આર્થિક સંબંધ મામલાના સચિવ ડી. રવિએ બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું. સામાન્ય રીતે વિદેશ મંત્રી એવી બેઠકમાં સામેલ થતા હોય છે.

રવિવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શપથગ્રહણ સમારોહ પછીથી ગઈકાલે જ ડૉ. એસ. જયશંકરને વિદેશ મંત્રી તરીકે બીજી વખત પસંદ કરવામાં આવ્યા. એટલે તેઓ બ્રિક્સની બેઠકમાં સામેલ થવા રશિયા ન પહોંચી શક્યા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે બેઠકને મહત્વની ગણાવી અને નવા સભ્યોનું બ્રિક્સમાં સ્વાગત કર્યું.\\

# T 20 WORLD CUP

ટી-20 વિશ્વકપમાં આજે રાત્રે ન્યૂ યૉર્ક ખાતે પાકિસ્તાન અને કેનેડા વચ્ચે મેચ રમાશે. ગઈકાલે દક્ષિણ આફ્રિકાએ બાંગ્લાદેશને ચાર રને હરાવ્યું હતું. દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરી 20 ઑવરમાં 6 વિકેટ ગુમાવી 113 રન બનાવ્યા હતા. ટીમમાંથી હેનરિક ક્લાસને સૌથી વધુ 46 રન બનાવ્યા હતા. જ્યારે બાંગ્લાદેશના તન્ઝીમ હસન શાકીબે ત્રણ વિકેટ લીધી હતી.

114 રનના લક્ષ્યાંકનો પીછો કરતા બાંગ્લાદેશની ટીમ 20 ઑવરમાં સાત વિકેટે 109 રન જ બનાવી શકી હતી. ટીમને છેલ્લી ઑવરમાં જીતવા માટે 11 રનની જરૂર હતી, પરંતુ રન ન બની શકતા ટીમને હારનો સામનો કરવો પડ્યો.

# ATHLETICS NATIONAL RECORD

અમેરિકામાં એથલેટિક્સમાં ભારતના ગુલવીર સિંહે પોર્ટ લેન્ડ ટ્રેક ફેસ્ટિવલ હાઈ પરફોર્મન્સ મીટ, પુરૂષોની પાંચ હજાર મીટર દોડમાં રજત ચંદ્રક હાંસલ કર્યો છે. આ સાથે જ એશિયાઈ રમતોમાં કાંસ્ય ચંદ્રક વિજેતા ગુલવીર સિંહ પુરૂષોની પાંચ હજાર મીટર દોડમાં સૌથી ઝડપી ભારતીય પણ બની ગયા છે.

ગુલવીર સિંહે તેર મિનિટ અઢાર પોઈન્ટ નવ બે સેકેન્ડનો રાષ્ટ્રીય રેકોર્ડ પણ બનાવ્યો અને ગયા વર્ષે અવિનાશ સાબલેએ તેર મિનિટ ઓગણીસ પોઈન્ટ ત્રણ શૂન્ય સેકેન્ડના વિક્રમને પણ તોડ્યો. આ સ્પર્ધામાં અમેરિકાના ડાયલન જૈકબ્સે સુવર્ણ ચંદ્રક અને તેમના જ દેશના એરિક વાન ડેર એલ્સે કાંસ્ય ચંદ્રક જીત્યો છે. આ સિદ્ધિ સાથે જ ગુલવીર સિંહે હવે 10 હજાર મીટર અને પાંચ હજાર મીટર બંને દોડમાં રાષ્ટ્રીય વિક્રમ પોતાના નામે કરી લીધા છે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે બિહાર અને ઉત્તરપ્રદેશમાં આગામી ત્રણથી ચાર દિવસ માટે ગરમીના મોજા માટે રેડ અલર્ટ જાહેર કર્યું છે. આગામી પાંચ દિવસ દરમિયાન જમ્મુ વિભાગ, પંજાબ, હિમાચલપ્રદેશ, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી, રાજસ્થાન, ઝારખંડ અને ઓડિશાના કેટલાક વિસ્તારોમાં ગરમીના મોજાંની સ્થિતિ સર્જાય તેવી શક્યતા છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી 2 દિવસ ઉત્તરઅરબી સમુદ્ર, ગુજરાત અને મહારાષ્ટ્રના વધુ ભાગોમાં દક્ષિણ—પશ્ચિમ ચોમાસુંને આગળ વધવા માટે સ્થિતિ અનુકુળ છે. હવામાન વિભાગે આગામી ચારથી પાંચ દિવસ સુધી કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ભારે વરસાદ, વાવાઝોડા અને વિજળી માટે ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે.

દક્ષિણ ભારતના મોટાભાગના વિસ્તારોમાં પણ આવી જ સ્થિતિ છે. જ્યારે આગામી સાત દિવસ દરમિયાન ઉત્તર-પૂર્વ વિસ્તાર, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

# TAX DEVOLUTION

કેન્દ્ર સરકારે જૂન મહિના માટે રાજ્યોને એક લાખ 39 હજાર કરોડ રૂપિયાથી વધુ કરના નાણા જાહેર કર્યા છે. નાણા મંત્રાલયે કહ્યું કે, આ રકમ રાજ્ય સરકારોને વિકાસ અને મૂડી ખર્ચને વેગ આપવા સક્ષમ બનાવશે. આમાં ઉત્તરપ્રદેશને સૌથી વધુ 25 હજાર કરોડ રૂપિયાથી વધુ, બિહારને 14 હજાર કરોડ રૂપિયાથી વધુ, મધ્યપ્રદેશને લગભગ 11 હજાર કરોડ રૂપિયા અને પશ્ચિમ બંગાળને 10 હજાર 500 કરોડ રૂપિયાથી વધુની રકમ આપવામાં આવી છે. આ કેન્દ્રની સાથે 10 જૂન 2024 સુધી રાજ્યને 2 લાખ 39 હજાર કરોડ રૂપિયાથી વધુની રકમ આપવામાં આવી છે.

વર્ષ 2024—25ના વચગાળાના અંદાજપત્રમાં રાજ્યોને કર હસ્તાંતરણ માટં લગભગ 12 લાખ 20 હજાર કરોડ રૂપિયાની જોગવાઈ છે. નાણા મંત્રાલયે વધુમાં જણાવ્યું કે, નિયમિત હસ્તાંતરણ સિવાય આ મહિને રકમનો વધુ એક હપ્તો પણ જાહેર કરવામાં આવશે.

# AMOL KALE NIDHAN

ન્યૂ યોર્કમાં મુંબઈ ક્રિકેટ એસોસિએશનના અધ્યક્ષ અમોલ કાલેનું હૃદય રોગના હુમલાથી નિધન થયું છે. તેઓ અમેરિકાના પ્રવાસ પર હતા અને રવિવારે તેમને ભારત—પાકિસ્તાનની મેચ લાઈવ જોઈ હતી. વર્ષ 2022માં તેમણે મુંબઈ ક્રિકેટ એસોસિએશનના અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવી હતી.

# EC - BYE-ELECTION

કેન્દ્રિય ચૂંટણી પંચે સાત રાજ્યોની 13 વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આમાંથી પશ્ચિમ બંગાળમાં ચાર, હિમાચલ પ્રદેશમાં ત્રણ, ઉત્તરાખંડમાં બે અને બિહાર, તમિલનાડુ, મધ્યપ્રદેશ અને પંજાબમાં એક-એક વિધાનસભા મતવિસ્તાર છે. આ વિધાનસભા મતવિસ્તારો માટે 10 જુલાઈએ મતદાન અને 13 જુલાઈએ મતગણતરી યોજાશે..